# રાજકોટ મહાનગરપાલિકા ખાતેના "અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ"
## સુધારા જાહેરાત

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજ્યની મહાનગરપાલિકા વિસ્તારમાં U-CHC (શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર) અને U-PHC (શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર)શરૂ કરવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફિક્સ પગારથી સરકારશ્રીની ૧૦૦ % ગ્રાન્ટ આધારિત જગ્યાઓ ભરવા માટે તા.૦૬/૧૦/૨૦૧૮ (૧૨:૦૦કલાક) થી તા.૨૦/૧૦/૨૦૧૮ (૨૩.૫૯ કલાક) સુધીમાં અરજીઓ મંગાવવા જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી અને તા.૨૧/૧૦/૨૦૧૮ અને તા.૨૩/૧૦/૨૦૧૮ ના રોજ સુધારા જાહેરાત આપવામાં આવેલ, સદરહુ જગ્યાઓ પર ભરતી કરવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાની નીચે દર્શાવ્યા મુજબ જગ્યાની વિગતે સુધારો પ્રસિધ્ધ કરવામા આવે છે. આ સુધારો સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૩/૦૧/૨૦૧૯ના ઠરાવથી આર્થિક રીતે નબળા વર્ગોના નાગરીકો/વ્યક્તિઓ માટે સેવા/જગ્યાઓ પર નિમણુંકોમાં ૧૦% અનામત સંબંધે તથા સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૬/૦૨/૨૦૧૯ના પરિપત્રની જોગવાઈ સબંધે કરવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ તા.૦૮/૦૮/૨૦૧૯ સુધીમાં અરજી ઓનલાઈન કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્તતા માટે અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગો | અનુ. જાતી | અનુ. જન જાતી | સા.શૈ.પ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગો | અનુ. જાતી | અનુ. જન જાતી | સા.શૈ.પ | |
| ૧ | મેડીકલ ઓફિસર | ૧૧ | ૭ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | ફાર્માસિસ્ટ | ૧૨ | ૭ | ૧ | ૦ | ૧ | ૩ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૩ | લેબ.ટેકનીશીયન | ૧૪ | ૮ | ૧ | ૦ | ૨ | ૩ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૪ | ફિમેલ હેલ્થ વર્કર | ૮૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૫ | ૮ | ૫ | ૧૨ | ૨૧ | ૦ |
| ૫ | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર | ૧૨ | ૭ | ૧ | ૦ | ૧ | ૩ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૬ | સ્ટાફ નર્સ | ૧૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૮ | ૧ | ૦ | ૧ | ૩ | ૦ |
| | કુલ | ૧૪૩ | ૨૯ | ૪ | ૦ | ૫ | ૧૧ | ૫૧ | ૯ | ૫ | ૧૩ | ૨૭ | ૦ |

અગત્યની સૂચના :

(૧)તા.૦૬/૧૦/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ મૂળ જાહેરાતમાં અરજી કરેલ જનરલ કેટેગરીના જે ઉમેદવારો હવે આર્થિક રીતે નબળા વર્ગની કેટેગરીમાં સમાવેશ થતો હોય તેવા ઉમેદવારોએ ફરીથી આર્થિક રીતે નબળા વર્ગની કેટેગરી અંતર્ગત અરજી કરવાની રહેશે .

(૨) જે ઉમેદવારો મૂળ જાહેરાતમાં અરજી કરી શક્યા નથી તેવા તમામ કેટેગરીના ઉમેદવારો સુધારેલ જાહેરાત અન્વયે ફરીથી અરજી કરી શકશે પરંતુ ઉંમર માટે મૂળ જાહેરાતમાં અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ એટલે કે તા.૨૦/૧૦/૨૦૧૮ ગણતરીમાં લેવામાં આવશે.

(૩) જે ઉમેદવારોએ મૂળ જાહેરાતમાં અરજી કરેલ છે અને જે ઉમેદવારોને આર્થિક રીતે નબળા વર્ગના અનામતનો લાભ મળવા પાત્ર નથી તેવા ઉમેદવારોએ સુધારેલ જાહેરાતમાં ફરીથી અરજી કરવાની રહેશે નહી .

(૪) જે ઉમેદવારોએ મૂળ જાહેરાતમાં અરજી કરેલ છે તેવા સા.શૈ.પ./અનુ.જાતિ/અનુ.જન.જાતિ વર્ગના ઉમેદવારોએ સુધારેલ જાહેરાતમાં ફરીથી અરજી કરવાની રહેશે નહી.

(૫) સા.શૈ.પ., આર્થિક રીતે નબળા વર્ગો, અનુ.જન જાતિ, અને અનુ.જાતિના ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં ૪૫ વર્ષથી વધે નહિ તે રીતે પાંચ વર્ષ સુધી છૂટછાટ મળવાપાત્ર રહેશે.

(૬) સા.શૈ.પ., આર્થિક રીતે નબળા વર્ગો, અનુ.જન જાતિ, અને અનુ.જાતિની મહિલા ઉમેદવારના કિસ્સામાં ઉપલી વય મર્યાદામાં ૪૫ વર્ષથી વધે નહિ તે રીતે ૧૦ વર્ષ સુધી છૂટ છાટ મળવાપાત્ર રહેશે .

(૭) આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ પરીક્ષા ફી રૂ.૫૦/- ચુકવવાની રહેશે.

(૮)આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:ઈ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) માં મેળવેલ પાત્રતા પ્રમાણપત્ર (અર્થાત તેઓ EWS Category હેઠળ આવે છે તે મતલબનું પ્રમાણપત્ર)ના નંબર અને તારીખ ઓન લાઈન અરજી કરતી વખતે દર્શાવવાની રહેશે તથા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મંગાવવામાં આવે ત્યારે તે રજૂ કરવાનું રહેશે .

(૯) મૂળ જાહેરાત અન્વયે અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ વર્ષ ૨૦૧૮-૧૯ ની હોઈ, તા.૦૧/૦૪/૨૦૧૬ ના રોજ કે ત્યારબાદનું પરંતુ સુધારા જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરવામાં આવેલ " ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર "Non Creamy Layer Certificate(NCLC)" માન્ય ગણાશે. પરંતુ તે પ્રમાણપત્ર સુધારા જાહેરાત અન્વયે ઓન લાઈન અરજી કરવાની છેલ્લી તારીખ બાદનું હોવું જોઈએ નહિ. (અર્થાત, NCLC પ્રમાણપત્ર તા.૦૧/૦૪/૨૦૧૬ થી તા.૨૦/૧૦/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન ઈસ્યુ થયેલ હોવું જોઈએ.)

(૧૦) આ સુધારા જાહેરાતમાં જણાવ્યા સિવાયની બધી જ જોગવાઈઓ તા.૦૬/૧૦/૨૦૧૮ ના રોજ પ્રસિદ્ધ થયેલ જાહેરાત તથા તા.૨૧/૧૦/૨૦૧૮ અને તા.૨૩/૧૦/૨૦૧૮ ની સુધારા જાહેરાત મુજબ જ રહેશે.

(૧૧)ઓનલાઈન અરજીમાં ખોટી વિગતો રજુ કરનાર ઉમેદવારને ભરતીની આગળની કાર્યવાહી માટે ગેરલાયક(નોટએલીજીબલ) ગણવામાં આવશે.

સહી: બી.એન.પાની
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

## રાજકોટ મહાનગરપાલિકા “અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ”

“ડો.આંબેડકર ભવન”, ઢેબરભાઈ રોડ, સેન્ટ્રલઝોન, રાજકોટ-૩૬૦૦૦૧

## સુધારા જાહેર ખબર

આથી જાણ કરવામાં આવે છે કે U-CHC (શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર) અને U-PHC (શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) માટે “અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ” ની તા.૦૬/૧૦/૨૦૧૮ ના રોજ જુદા-જુદા ૧૦ સંવર્ગની ભરતી અંગેની જાહેરાત આપવામાં આવેલ છે. જેમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| સંવર્ગના ક્રમાંક તથા નામ | અગાઉ જાહેરાતમાં દર્શાવેલ વયમર્યાદા | વયમર્યાદા |
|---|---|---|
| ૦૭-ફિમેલ હેલ્થ વર્કર, વયમર્યાદા :- | ૧૮ થી ૨૫ વર્ષ | ૧૮ થી ૩૩ વર્ષ |

સુધારા મુજબ બિનઅનામત કેટેગરીના ઉમેદવારોને ઉમરની છૂટછાટ મળવાપાત્ર થશે અને અનામત કેટેગરીના ઉમેદવારોને સરકારશ્રીના નિયમાનુસાર વધારાની છૂટછાટ જાહેરાતની છેલ્લી તારીખ સુધીમાં મળવાપાત્ર થશે. ઉક્ત સંવર્ગમાં ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા.૩૦/૧૦/૨૦૧૮ રહેશે.

સહી : બી.એન.પાની<br>
કમિશનર<br>
રાજકોટ મહાનગરપાલિકા

# રાજકોટ મહાનગરપાલિકા "અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ"

"ડો.આંબેડકર ભવન", ઢેબરભાઈ રોડ, સેન્ટ્રલઝોન, રાજકોટ-૩૬૦૦૦૧

## સુધારા જાહેર ખબર

આથી જાણ કરવામાં આવે છે કે U-CHC (શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર) અને U-PHC (શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) માટે "અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ" ની તા.૦૬/૧૦/૨૦૧૮ ના રોજ જુદા-જુદા ૧૦ સંવર્ગની ભરતી અંગેની જાહેરાત આપવામાં આવેલ છે. જેમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| સંવર્ગના ક્રમાંક તથા નામ | અગાઉ જાહેરાતમાં દર્શાવેલ વયમર્યાદા | વયમર્યાદા |
|---|---|---|
| ૦૮-મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, વયમર્યાદા :- | ૧૮ થી ૨૬ વર્ષ | ૧૮ થી ૩૩ વર્ષ |

સુધારા મુજબ બિનઅનામત કેટેગરીના ઉમેદવારોને ઉમરની છૂટછાટ મળવાપાત્ર થશે અને અનામત કેટેગરીના ઉમેદવારોને સરકારશ્રીના નિયમાનુસાર વધારાની છૂટછાટ જાહેરાતની છેલ્લી તારીખ સુધીમાં મળવાપાત્ર થશે. ઉક્ત સંવર્ગમાં ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા.૩૦/૧૦/૨૦૧૮ રહેશે.

સહી : બી.એન.પાની
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

# રાજકોટ મહાનગરપાલિકા ખાતેના "અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ" માટે ભરતી અંગેની જાહેરાત

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજ્યની મહાનગરપાલિકા વિસ્તારમાં U-CHC (શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર) અને U-PHC (શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર)શરૂ કરવા માટે રાજકોટ મહાનગરપાલિકામાં નીચે જણાવ્યા મુજબ તદ્દન હંગામી ધોરણે ફિક્સ પગારથી સરકારશ્રીની ૧૦૦ % ગ્રાન્ટ આધારિત જગ્યાઓ ભરવા માટે તા.૨૦/૧૦/૨૦૧૮ શુક્રવાર સુધીમાં ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્તતા માટે અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત (સામાન્ય) | અનુ. જાતી | અનુ. જન જાતી | સા.શૈ.પ | બિન અનામત (સામાન્ય) | અનુ. જાતી | અનુ. જન જાતી | સા.શૈ.પ | |
| ૧ | મેડીકલ ઓફિસર | ૧૧ | ૦૮ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | ગાયનેકોલોજીસ્ટ (સ્ત્રી રોગ નિષ્ણાંત) | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | પીડિયાટ્રીશીયન (બાળ રોગ નિષ્ણાત) | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | ફાર્માસિસ્ટ | ૧૨ | ૦૮ | ૦૦ | ૦૧ | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૫ | લેબ.ટેકનીશીયન | ૧૪ | ૦૯ | ૦૦ | ૦૨ | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૬ | સિનિયર ક્લાર્ક | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૭ | ફિમેલ હેલ્થ વર્કર | ૮૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૪૩ | ૦૫ | ૧૨ | ૨૧ | ૦૨ |
| ૮ | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર | ૧૨ | ૦૮ | ૦૦ | ૦૧ | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૯ | સ્ટાફ નર્સ | ૧૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૯ | ૦૦ | ૦૧ | ૦૩ | ૦૦ |
| ૧૦ | એક્સ-રે ટેકનીશયન | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | કુલ | ૧૫૧ | ૪૧ | ૦૦ | ૦૫ | ૧૧ | ૬૧ | ૦૫ | ૧૩ | ૨૭ | ૦૨ |

| | | |
|---|---|---|
| ૧ | મેડીકલ ઓફિસરની લાયકાત | એમ.બી.બી.એસ. (ભારત સરકાર માન્ય યુનિવર્સીટી તેમજ ઇન્ડિયન મેડીકલ એક્ટ-૧૯૫૬ મુજબ) અને ગુજરાત મેડીકલ કાઉન્સિલ એક્ટ-૧૯૬૭ હેઠળ રજીસ્ટ્રેશન કરેલ હોવું જોઈએ અને કોમ્પ્યુટર, ગુજરાતી અને હિન્દી બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |
| | માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા | પ્રથમ બે વર્ષનો સમયગાળો પ્રોબેશનનો રહેશે. પ્રોબેશનનો સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયેથી સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૯, સ્કેલ ૫૩૧૦૦-૧૬૭૮૦૦ મળવાપાત્ર થશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ |
| ૨ | ગાયનેકોલોજીસ્ટ (સ્ત્રી રોગ નિષ્ણાંત)ની લાયકાત | સરકાર માન્ય યુનિવર્સીટીમાંથી (ઇન્ડીયન મેડીકલ કાઉન્સિલ એક્ટ-૧૯૫૬ મુજબ) એમ.ડી.(ઓબસ્ટ્રેક્ટ & ગાયનેકોલોજી) અથવા પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઇન ઓબસ્ટ્રેક & ગાયનેકોલોજી અથવા એમ.એસ. (ઓબસ્ટ્રેક્ટ & ગાયનેકોલોજી) અથવા ડી.એન.બી. (ઓબસ્ટ્રેક્ટ & ગાયનેકોલોજી)ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ અને સરકારી કે અર્ધસરકારી અથવા કોઇપણ સંસ્થામાં બે વર્ષની કામગીરીનો અનુભવ અને ગુજરાત મેડીકલ કાઉન્સિલ એક્ટ-૧૯૬૭ હેઠળ રજીસ્ટ્રેશન કરેલ હોવું જોઈએ અને કોમ્પ્યુટર, ગુજરાતી અને હિન્દી બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |
| | માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા | પ્રથમ બે વર્ષનો સમયગાળો પ્રોબેશનનો રહેશે. પ્રોબેશનનો સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયેથી સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૧૧, સ્કેલ ૬૭૭૦૦-૨૦૮૭૦૦ મળવાપાત્ર થશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ |
| ૩ | પીડિયાટ્રીશીયન (બાળ રોગ નિષ્ણાત) ની લાયકાત | ભારત સરકાર માન્ય યુનિવર્સીટીમાંથી (ઇન્ડીયન મેડીકલ કાઉન્સિલ એક્ટ-૧૯૫૬ મુજબ) એમ.ડી(પીડિયાટ્રીશીયન) અથવા પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઇન પીડિયાટ્રીશીયન અથવા ડી.એન.બી. (પીડિયાટ્રીશીયન)ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ અને સરકારી કે અર્ધસરકારી અથવા કોઇપણ સંસ્થામાં બે વર્ષની કામગીરીનો અનુભવ અને ગુજરાત મેડીકલ કાઉન્સિલ એક્ટ-૧૯૬૭ હેઠળ રજીસ્ટ્રેશન કરેલ હોવું જોઈએ અને કોમ્પ્યુટર, ગુજરાતી અને હિન્દી બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |
| | માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા | પ્રથમ બે વર્ષનો સમયગાળો પ્રોબેશનનો રહેશે. પ્રોબેશનનો સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયેથી સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૧૧, સ્કેલ ૬૭૭૦૦-૨૦૮૭૦૦ મળવાપાત્ર થશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ |
| ૪ | ફાર્માસિસ્ટની લાયકાત | ડી.ફાર્મ અથવા બી.ફાર્મ (ભારત સરકાર કે રાજ્ય સરકાર દ્વારા માન્ય યુનિવર્સીટીમાંથી) અને જુનીયર ફાર્માસિસ્ટ તરીકેનો સરકારી કે અર્ધસરકારી કે સરકાર હેઠળના નિગમ કે કોઈ પણ હોસ્પિટલમાં ડિસ્પેન્સર તરીકેનો અથવા કોઈપણ ફાર્માસ્યુટિકલ કંપની (કંપની એક્ટ-૨૦૧૩ હેઠળ નોંધાયેલ) માં ફાર્માસિસ્ટ અથવા મેડીકલ રિપ્રેઝન્ટેટિવ તરીકેનો બે વર્ષનો અનુભવ |
| | માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા | પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૩૧૩૪૦/- નિયત થયેલ ફિક્સ પગાર મળશે ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૫ સ્કેલ-૨૯૨૦૦-૯૨૩૦૦ મળવાપાત્ર થશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ |
| ૫ | લેબ.ટેકનીશીયન ની લાયકાત | યુનિવર્સીટી ગ્રાન્ટ કમીશન એક્ટ-૧૯૫૬ હેઠળ નોંધાયેલી કોઈ પણ યુનિવર્સીટીમાંથી બી.એસ.સી.(કેમેસ્ટ્રી) અથવા બી.એસ.સી.(માઈક્રોબાયોલોજી) અથવા બી.એસ.સી.(બાયો કેમેસ્ટ્રી) ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. અને<br>ભારત સરકાર કે રાજ્ય સરકાર દ્વારા માન્ય યુનિવર્સીટી કે ડીમ્ડ કે ગ્રાન્ટેડ યુનિવર્સીટીમાંથી નીચેનામાંથી કોઈ એક પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.<br>એ-ડીપ્લોમાં ઇન લેબોરેટરી ટેકનીશીયન અથવા<br>બી- ડીપ્લોમાં ઇન મેડીકલ લેબોરેટરી ટેકનીશીયન કોર્ષ અથવા<br>સી- ડીપ્લોમાં ઇન મેડીકલ ટેકનોલોજી અથવા<br>ડી- પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં ઇન મેડીકલ લેબોરેટરી ટેકનોલોજી અથવા<br>ઈ- મેડીકલ લેબોરેટરી ટેકનીશીયન ટ્રેનીંગનો એક વર્ષનો કોર્ષ અથવા<br>એફ- મેડીકલ ટેકનીશીયન ટ્રેઇનિંગનો એક વર્ષનો કોર્ષ.અને<br>કોમ્પ્યુટર, ગુજરાતી અને હિન્દી બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |
| | માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા | પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૩૧૩૪૦/- નિયત થયેલ ફિક્સ પગાર મળશે ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૫ સ્કેલ-૨૯૨૦૦-૯૨૩૦૦ મળવાપાત્ર થશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૬ વર્ષ |
| ૬ | સિનિયર ક્લાર્કની લાયકાત | યુનિવર્સીટી ગ્રાન્ટ કમીશન એક્ટ-૧૯૫૬ હેઠળ નોંધાયેલી કોઈ પણ યુનિવર્સીટીમાંથી કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક અને કોમ્પ્યુટર, ગુજરાતી અને હિન્દી બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |
| | માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા | પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૧૯૯૫૦/- નિયત થયેલ ફિક્સ પગાર મળશે ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૫ સ્કેલ-૨૫૫૦૦-૮૧૨૦૦ મળવાપાત્ર થશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ |
| ૭ | ફિમેલ હેલ્થ વર્કરની લાયકાત | સરકાર માન્ય ડીપ્લોમાં નર્સિંગ પાસ અથવા બે વર્ષનો એ.એન.એમ.નો કોર્ષ કરેલ હોવો જોઈએ અને કોમ્પ્યુટર, ગુજરાતી અને હિન્દી બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |
| | માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા | પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૧૯૯૫૦/- નિયત થયેલ ફિક્સ પગાર મળશે ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૨ સ્કેલ-૧૯૯૦૦-૬૩૨૦૦ મળવાપાત્ર થશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૨૫ વર્ષ |

| | | |
|---|---|---|
| ૮ | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની લાયકાત | સરકાર માન્ય સંસ્થામાંથી મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનો અથવા સેનેટરી ઇન્સ્પેકટરનો ડીપ્લોમાંનો કોર્ષ કરેલ હોવો જોઈએ |
| | માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા | પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૧૯૯૫૦/- નિયત થયેલ ફિક્સ પગાર મળશે ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૨ સ્કેલ-૧૯૯૦૦-૬૩૨૦૦ મળવાપાત્ર થશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૨૬ વર્ષ |
| ૯ | સ્ટાફ નર્સની લાયકાત | ઇન્ડીયન નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્ય સંસ્થાઓમાંથી બી.એસ.સી.(નર્સિંગ)નો ડીગ્રી કોર્ષ અથવા ઇન્ડીયન નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્ય સંસ્થાઓમાંથી જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરીનો ડીપ્લોમાં કોર્ષ અથવા સરકારશ્રી દ્વારા માન્ય કરેલ સમકક્ષ શૈક્ષણિક લાયકાત અને કોમ્પ્યુટર, ગુજરાતી અને હિન્દી બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |
| | માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા | પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૩૧૩૪૦/- નિયત થયેલ ફિક્સ પગાર મળશે ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૫ સ્કેલ-૨૯૨૦૦-૯૨૩૦૦ મળવાપાત્ર થશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૪૦ વર્ષ |
| ૧૦ | એક્સ-રે ટેકનીશયનની લાયકાત | સરકારી અથવા ભારત સરકાર દ્વારા માન્ય કોઇપણ સંસ્થા કે મેડીકલ કોલેજમાંથી એક્સ-રે ટેકનીશયન ટ્રેઇનિંગ કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ. અને કોમ્પ્યુટર, ગુજરાતી અને હિન્દી બન્નેનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |
| | માસિક ફિક્સ પગાર અને વય મર્યાદા | પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૩૮૦૯૦ /- નિયત થયેલ ફિક્સ પગાર મળશે ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-૬ સ્કેલ-૩૫૪૦૦-૧૧૨૪૦૦ મળવાપાત્ર થશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૧ વર્ષ |

**ઉપરોક્ત જગ્યાઓ મહાનગરપાલિકાના જનરલ બોર્ડ ઠરાવ નં. ૧૮ તા.૧૩/૦૮/૨૦૧૮ થી નિયત કરવામાં આવેલ નીચે દર્શાવેલ શરતોને આધીન હંગામી ધોરણે ભરવાની રહેશે.**

| | |
|---|---|
| ૧ | સદરહુ મહેકમના ખર્ચની નાણાકીય જોગવાઈ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારશ્રી દ્વારા પૂરી પાડવામાં આવશે. |
| ૨ | સરકારશ્રીની ૧૦૦% ગ્રાન્ટ આધારિત યોજનાના અનુસંધાને U-CHC ( શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) અને U-PHC ( શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર)નું હંગામી મહેકમ ઉપસ્થીત કરવાનું હોઈ, સરકારશ્રીની યોજના અમલમાં હોય અથવા સરકારશ્રી તરફથી ગ્રાન્ટ મળતી બંધ થાય એ બન્નેમાંથી જે વહેલું હોય તેટલા સમયગાળા માટે હંગામી ધોરણે આ મહેકમ રાજકોટ મહાનગરપાલિકાના જ.બો.ઠ.નં.૧૮ તા.૧૩/૦૮/૨૦૧૮ થી ઉપસ્થિત કરવાનું મંજુર થયેલ છે. |
| ૩ | સરકારશ્રીની ૧૦૦% ગ્રાન્ટ આધારિત હંગામી મહેકમ હોઈ, સંબંધિત યોજના પૂર્ણ થયેથી અથવા સરકારશ્રી તરફથી ગ્રાન્ટ મળતી બંધ થયેથી સંબંધિત હંગામી મહેકમની મુદ્દત આપોઆપ પૂરી થયેલ ગણાશે તથા આ હંગામી મહેકમ ઉપરના તમામ સ્ટાફની નિયુક્તિની મુદ્દત પણ આપોઆપ પૂરી થયેલ ગણાશે, તેમજ સંબંધિત યોજનાના અનુસંધાને નિયુક્ત કરેલ તમામ સ્ટાફ પોતાની ફરજમાંથી આપોઆપ છુટા થયેલા ગણાશે અને છુટા થયેલા સ્ટાફનો રાજકોટ મહાનગરપાલિકામાં આ અંગે કોઈ પણ પ્રકારનો હક્ક, હિસ્સો,દાવો કે લીયન રહેશે નહિ. |
| ૪ | ઉક્ત જગ્યાઓ આરોગ્ય શાખા હેઠળ અલાયદા "અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ" ના સરકારશ્રીની ગ્રાન્ટ આધારિત હંગામી મહેકમમાં ભરતી થશે. આ હંગામી સ્ટાફ સેટઅપને રાજકોટ મહાનગરપાલિકાના સ્ટાફ સેટઅપમાં સમાવેશ કરવામાં આવશે નહી. |
| ૫ | ઉક્ત જગ્યામાં નિમણુક થયેલાને ફરજ ઉપર હાજર થતા પહેલા રાજકોટ મહાનગરપાલિકાના જ.બો.ઠ.નં.૧૮ તા.૧૩/૦૮/૨૦૧૮ ની શરતો કબુલ છે તે બાબતનું નોટરાઈડ બાહેંધરીપત્રક આપવાનું રહેશે. |
| ૬ | ઉક્ત જગ્યાઓ પર ઉમેદવારી નોધાવવા માટે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે અન્ય કોઈ માધ્યમ મારફતે કરવામાં આવેલ અરજી રદબાતલ ગણવામાં આવશે. ઉપરોક્ત જગ્યાઓ તથા તેને લગત વધુ વિગતો www.rmc.gov.in પરથી મેળવી શકાશે. |
| ૭ | મૌખિક ઇન્ટરવ્યુ/ પરીક્ષાની તારીખ, સિલેબસની જાણ રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ www.rmc.gov.in પર જાણ કરવામાં આવશે. |
| ૮ | આરક્ષિત વર્ગના ઉમેદવારોએ રૂ.૫૦/-(પચાસ) તથા અન્ય ઉમેદવારોએ રૂ.૧૦૦/-(એકસો) ની પરીક્ષા ફી માત્ર અને માત્ર ઓનલાઈનથી જ જમા કરાવવાની રહેશે તેમજ સા.શૈ.પ.વર્ગના ઉમેદવારે ચાલુ નાણાંકીય વર્ષનું નોન ક્રીમીલેયર સર્ટિફિકેટ રજુ કરવાનું રહેશે અન્યથા અરજી ધ્યાને લેવામાં આવશે નહિ. |
| ૯ | ફક્ત જગ્યાની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે. અરજી કર્યા બાદ અરજી ફી રીફંડ થશે નહિ/પરત મળશે નહિ. ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જો કોઈ ક્ષતિ રહેલ હશે તેવી રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ. |
| ૧૦ | અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહિ. |
| ૧૧ | અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ લાયકાત, અનુભવ અને ઉમરની ગણતરી કરવામાં આવશે. |
| ૧૨ | ઉમેદવારોની આવેલ અરજીની સંખ્યાને ધ્યાને લઇ નિમણુંક અધિકારી દ્વારા ઉમેદવારોના મેરીટ ક્રમાંક નિયત કરવા અંગેની ઉચિત કાર્યપ્રણાલી અનુસરીને પસંદગી કરવામાં આવશે. |
| ૧૩ | વધુ માહિતી માટે મહેકમ શાખા, બીજો માળ, રૂમ નં.-૧ નો સંપર્ક કરવો. |

સહી : બી.એન.પાની

કમિશનર

રાજકોટ મહાનગરપાલિકા